# નવસારી કૃષિ યુનિવર્સિટી

## નવસારી.

સમય મર્યાદા :
તાત્કાલિક :

## પ રિ પ ત્ર

વહીવટી વ હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીની કચેરીમાંથી પેન્શન મેળવતા તમામ પેન્શનરોને આથી જણાવવાનું કે, દર વર્ષની માફક ચાલુ વર્ષે પણ આપની હયાતી અંગેની ખરાઈ કરાવવાની હોઈ મે માસમાં તા. **૧.૫.૨૦૧૬ થી તા. ૩૧.૫.૨૦૧૬** સુધી સવારે **૧૧–૦૦** થી બપોરે **૨–૦૦** સુધીના સમય દરમ્યાન (જાહેર રજાના દિવસો સિવાય) આ કચેરીમાં રુબરુ આવી આપની હયાતીની ખરાઈ નીચેની વિગતો ધ્યાને લઈ ફરજીયાત કરાવવાની રહે છે.

૧: પેન્શનરે પુનઃનોકરી સ્વીકારેલ છે કે કેમ ? તે અંગેનું પ્રમાણપત્ર રજુ કરવું.

૨: કુટુંબ પેન્શનના કેશમાં ૫૦ વર્ષની ઉંમર સુધીના મહિલા પેન્શનરો તેમજ પુરુષ પેન્શનરોએ પુનઃલગ્ન કરેલા નથી તેવું રાજય પત્રિત અધિકારી/યુનિવર્સિટી અધિકારીશ્રીની સહી સાથેનું પ્રમાણપત્ર રજુ કરવું.

૩: જે પેન્શનર ખરાબ તબીયતને કારણે કે અન્ય કારણસર અત્રેની કચેરીએ હાજર રહી શકે તેમ ન હોય તેમણે **જીલ્લા સિવિલ હોસ્પીટલનાં સિવિલ સર્જનનું અથવા કૃષિ યુનિવર્સિટીના યુનિટ અધિકારી/ગેઝેટેડ અધિકારીનું પ્રમાણપત્ર હયાતિના દાખલાના નમુનામાં રજુ કરવું**, જે આ સાથે સામેલ છે. અધિકારીને પેન્શનરની હયાતિ અંગે શંકા જણાય તો જે તે પેન્શનરના રહેઠાણે મુલાકાત લઈ જાત તપાસ કરશે.

૪: પરદેશમાં વસતા પેન્શનરોએ હયાતિની ખાત્રી માટે માહે મે–૧૬ માસમાં જ જેતે વિસ્તારનાં નોટરીનાં અસલ સહી સિકકાવાળું પ્રમાણપત્ર મોકલવાનું રહેશે.

૫: આપના તરફથી મોકલવામાં આવતા હયાતી ખરાઈ દાખલા સાથે આપનો ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર તથા ઈન્કમટેક્ષ માટે " PAN " નંબર અવશ્ય મોકલવા વિનંતી.

૬. ચાલુ નાણાંકીય વર્ષમાં આવક વેરો ગણત્રી મુજબ કપાવવાનો થતો હોય તો દર માસે ઈન્કમ ટેક્ષ કપાવવા અંગે જરુરી જાણ કરવા વિનંતી અન્યથા એકી સાથે વર્ષનાં અંતે ટેક્ષ ભરવામાં આવે તેની પેનલ્ટી ભરવાની થાય નહી તો તે મુજબ કાર્યવાહી કરી જાણ કરવા વિનંતી.

૭. મે–૨૦૧૬ નાં માસમાં હયાતી ખરાઈ ન કરાવી શકનારને જુન અને જુલાઈ માસ છુટના માસમાં હયાતી ખરાઈ કરાવી લેવી.**જુન–૨૦૧૬ અને જુલાઈ–૨૦૧૬** છુટનાં માસમાં હયાતી ખરાઈ ન કરાવી શકનાર પેન્શનરનું માહે **ઓગસ્ટ–૨૦૧૬** થી પેન્શન સ્થગિત કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આપની હયાતિની ખરાઈ વિના પેન્શન ચુકવવામાં વિલંબ ન થાય તેને ધ્યાને લઈ તાઃ **૧–૫–૨૦૧૬ થી તાઃ ૩૧–૫–૨૦૧૬** સુધીમાં આપની હયાતિ અંગેની ખરાઈ અચુક કરાવી લેવા વિનંતી છે.

વહિવટી વ હિસાબી અધિકારી,
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી.

જા.નં/નકૃયુ/વવહધિ/પેન્શન હયાતિ/ ૭૯૯-૮૨૮૯ /૨૦૧૬.
નવસારી.તારીખઃ ૨૫ – ૪– ૨૦૧૬.

નકલ રવાના :–
તમામ પેન્શનરો તરફ.

## ::: હયાતીનો દાખલો :::

**પીપીઓ નંબર :**

આથી હું નીચે સહી કરનાર પ્રમાણિત કરું છું કે,શ્રી/શ્રીમતી ...............................................
મુ..............................પો......................તા...........................જિ...........................
આજ રોજ મારી સમક્ષ જાતે રૂબરૂ હાજર રહી હયાતીની ખરાઈ કરાવેલ છે અને તેમણે મારી રૂબરૂમાં નીચે પ્રમાણે સહી/અંગુથાનું નિશાન કરેલ છે.રૂબરૂમાં પૂછતાં તેમણે જણાવેલ છે કે તેઓ પેન્શન ચુકવાયેલ હોય તે સમય દરમ્યાન રાજય સરકાર/ કેન્દ્ર સરકારશ્રીની સ્થાનિક સંસ્થામાં નોકરી કરતાં નથી તેમજ માનદ વેતન મેળવતાં નથી. તેમજ તેણે/તેણીએ પુનઃલગ્ન કરેલ નથી.

સ્થળ : ..........................
તારીખ : ........................

પેન્શનરની સહી...........................
અગુંથાનું નિશાન................,........

ફોટો

અધિકારીશ્રીનું નામ...............................
અધિકારીશ્રીની સહી.............................
અધિકારીશ્રીના હોદ્દાનો સિકકો

ફોન /મોબાઈલ નંબર : ............................
પાન કાર્ડ નબંર : ..................................

# :::::: LIFE CERTIFICATE ::::::

**PPO No.________**

I do here by certify that Mr./Mrs ............................................ residing At & Post ............. Ta........................... Dist ................................ today physically presented herself / himself before me for verification. He/She has SIGNED/THUMBED before me. He/She has futher stated that during the receipt of pansion, he/she didn't serve in any organization of State/Central Govternment of India. He/She has also stated that he/she has not done marraige again.

Place :____________

Date :______________

Pensinor Sign._________________

Pensinor Thumb _______________

PHOTO

Officer Name_______________________

Officer Sign________________________

Officcer Designation & Stamp

1.Mobile/Phone No.________________

2.Income Tax PAN _________________

---------------------------------------------------